<u>ઈ-મેઇલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર

(gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૩૯૫/૨૦૨૪, તા.૦૪/૧૧/૨૦૨૪

<u>વિગત</u> :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૮/૧૦/૨૦૨૪ થી તા.૦૩/૧૧/૨૦૨૪** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૨૮/૧૦/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના શી ટીમના અધિકારી/કર્મચારીઓ સ્ટાફ દ્વારા સ્કૂલ/કોલેજ/તેમજ વાડીપ્લોટ /ચોપાટી વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે માહિતી આપી.

(૨) તા.૨૯/૧૦/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના શી ટીમના અધિકારી/કર્મચારીઓ સ્ટાફ દ્વારા ચોપાટી વિસ્તારમા ભીડભાડવાળી જાગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમાં શી ટીમની કામગીરી કરેલ જેમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે,૧૮૧ હેલ્પ લાઇન બાબતે,તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપેલ.

(૩) તા.૩૦/૧૦/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના શી ટીમના અધિકારી/કર્મચારીઓ સ્ટાફ દ્વારા ચોપાટી વિસ્તારમાં ભીડભાડ વાળી જાગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમાં શી ટીમની કામગીરી કરેલ. જેમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે, ૧૮૧ હેલ્પ લાઇન બાબતે, તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપેલ.

(૪) તા.૩૧/૧૦/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના શી ટીમના અધિકારી/કર્મચારીઓ સ્ટાફ દ્વારા ચોપાટી/સ્કુલ કોલેજ વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ.

(૫) તા.૦૧/૧૧/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના શી ટીમના અધિકારી/કર્મચારીઓ સ્ટાફ દ્વારા સુદામાચોક /બંગડી બાજાર /ચોપાટી /શાક્માર્કેટ /ભીડભાડ વાળા વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ.

(૬) તા.૦૨/૧૧/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના શી ટીમના અધિકારી/કર્મચારીઓ સ્ટાફ દ્વારા ચોપાટી વિસ્તારમાં ભીડભાડ વાળી જાગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમાં શી ટીમની કામગીરી કરેલ. જેમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ ૧૮૧ હેલ્પ લાઇન તથા ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપેલ.

(૭) તા.૦૩/૧૧/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના શી ટીમના અધિકારી/કર્મચારીઓ  સ્ટાફ દ્વારા ચોપાટી/સ્કુલ કોલેજ વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ. તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી

**મુદ્દા નંબર ૬:- લોકહીતની બાબતો જે લોકોને તુરત ધ્યાન પર આવે તેવી બાબતોઃ-**

કમલાબાગ પો.સ્ટે.

(૧) તા.૨૭/૧૦/૨૦૨૪ ના રોજ આભાબેન શાહ નામના બેન ઈગલ નામની ટ્રાવેલ્સમાં રાજકોટ થી પોરબંદર આવતા એરપોર્ટની પાસે હાઇવે ઉપર પોતાનું પર્સ સદર ટ્રાવેલ્સમાં ભૂલી ગયા અને નીચે ઉતરી ગયા. તે પર્સમાં આશરે ચાર થી પાંચ લાખના કિંમતી ઘરેણાં અને રોકડા રૂપિયા હતા. થોડીવાર બાદ તેમને તેમનુ પર્સ ભૂલી ગયાનુ /ગુમ થઈ ગયાનુ યાદ આવતા સદર બહેન પરિવાર સાથે અમારી પાસે કમલાબાગ પોલીસ સ્ટેશન આવ્યા અને પોતાની પર્સ ભૂલી ગયા /ખોવાય ગયા બાબતની તેમની હકીકત રડતા-રડતા જણાવતા હતા, "અમારી તો દિવાળી બગડી " અમારું તો નવું વર્ષ બગડ્યું, સર કાંઈક મદદ કરો " વગેરે જેવા શબ્દો સદર બેન ખુબ જ ટેન્શનમાં સતત રડતા રડતા બોલતા હતા. સદર બનવા કમલાબાગ પોલીસ સ્ટેશનની હદની બહાર બનેલ હોવા છતાં, માનવતાની રૂએ અને પોલીસ પ્રજાનો સાચો મિત્ર છે એ હકીકત સાર્થક ઠેરવવા કમલાબાગ પોલીસે સદર બેનને પોલીસ મદદની સંપૂર્ણ ખાત્રી સાથે ભરોસો આપી સાથે રાખી સદર બનાવ સોલ્વ કરવા કમલાબાગ પોલીસ સ્ટેશન પો.ઈન્સ. તથા સ્ટેશનના સર્વેલન્સ સ્કોડમાં ફરજ બજાવતા (૧) સાજણ વરૂ (૨) ભીમસિંહ માલીયા અને (૩) નરેન્દ્ર ભટ્ટ નાઓ કામ પર લાગ્યા સૌપ્રથમ સદર ટ્રાવેલ્સની ઓફિસે જઈ તમામ પેસેન્જરોનુ લિસ્ટ કાઢવામાં આવેલ અને સદર પેસેન્જરોનો તાત્કાલિક વન ટૂ વન સંપર્ક કરવાનો ચાલુ કરી દીધેલ અને તમામના ઘરે રૂબરૂ જઈ આ તમામ પેસેન્જરોની યુક્તિ-પ્રયુક્તિથી પૂછપરછ કરેલ. અંતે આશરે ત્રણ થી ચાર કલાકની આ જહેમત બાદ સદર પર્સ મળી ગયેલ. જે જોતા અને બેન પાસે ચેક કરાવતા સદર બેનના તમામ કિંમતી ઘરેણાં અને રોકડ રૂપિયા 100 % રિકવર હતા. પોતાના ચાર-પાંચ લાખ રૂપિયાની કિંમતના કિંમતી ઘરેણાં અને રોકડ દિવાળીના  તહેવારના સમયે ગુમ થયેલ/ખોવાયેલ પોલીસ દ્વારા પરત અપાવતા સદરબેન ખુબ જ ખુશ હતા, આ બેને આથી કમલાબાગ પોલીસનો પોરબંદર પોલીસનો ખુબ ખુબ આભાર વારંવાર માનતા હતા  અને " પોલીસની આ કામગીરીના અમે કાયમી ઋણી રહેશું" એમ ખુશીનાને સઁતોષના આવિર્ભાવ સાથે  ફરીથી આ પરિવારે કમલાબાગ પોલીસનો આભાર માની પોલીસની હકારાત્મક છાપ તેમના માનસ પટ પર છાપી અમારી પાસેથી રવાના થયેલ. જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ભગીરથસિંહ જાડેજા સરને સદર બનાવની અને પોલીસની ઉમદા કામગીરીની હકીકતની જાણ થતા ભવિષ્યમાં પણ પોલીસ આવા સારા કામ કરતી રહે તેમજ પોરબંદરના લોકોને સત્વરે મદદ કરતી રહે તેવા હેતુસર કમલાબાગ પોલીસની ટીમને પ્રોત્સાહિત કરવા યોગ્ય ઇનામ આપવાનો પણ હુકમ કરી કમલાબાગ પોલીસની કામગીરી બિરદાવેલ હતી.

ઉદ્યોગનગર પો.સ્ટે.

(૧) ગુમ થયેલ મોબાઇલ ફોનને શોધી કાઢવા ઉપરી અધિ.શ્રીઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તા.૨૮/૧૦/૨૦૨૪ ના રોજ ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી. આર.એમ.રાઠોડનાઓ તથા પોલીસ સ્ટાફના માણસો દ્વારા CENTRAL EQUIPMENT IDENTITY REGISTER GOV વેબસાઇટની મદદ અરજદરાર (૧) હર્ષદભાઇ કરશનભાઇ વાળા રહે.પોરબંદરનાઓનો I PHONE-12 મોબાઈલ ફોન કિ.રૂ. ૬૪૯૦૦/- તથા નં.(૨) જયંતીલાલ ખીમજીભાઇ જુંગી રહે. પોરબંદરનાઓનો  ONE PLUS NORD CE2

મોબાઈલ ફોન જેની કિ.રૂ.૧૮૯૯૯/-તથા (૩) સામત હાજાભાઇ ઉલવા રહે.પોરબંદરનાઓનો ITEL-P55 મોબાઈલ ફોન જેની કિ.રૂ.૯૯૦૦/- તથા (૪) રીણાભાઇ વીજાભાઇ ઓડેદરા રહે. પોરબંદરનાઓનો SAMSUNG GALAXY-F13 મોબાઈલ ફોન જેની કિ.રૂ.૭૪૯૯/- મળી કુલ કિ.રૂ.૧,૦૧,૨૯૮/- ના મોબાઈલ ફોનો શોધી કાઢી મુળ માલીકોને પરત પ્રસંશનિય કામગીરી કરેલ છે.

(૨) તા.૨૮/૧૦/૨૦૨૪ ના રોજ સરકારી કર્મચારી સોસાયટી ખાતે દિવાળી તહેવાર સબબ પો.સ્ટે. વિસ્તારમાં આવેલ નાની-મોટી સોસાયટીમાં રહેતા લોકો તેમજ કર્મચારી સોસાયટીમાં રહેતા આગેવાનો અને એકલા રહેતા વૃધ લોકોને દિવાળી તહેવારમાં સાવધાની રાખવા માટે અવેરનેસ કાર્યક્રમ અંતર્ગત રાત્રિ દરમ્યાન કે તહેવારમાં જો પુરો પરીવાર બહાર ફરવા જાય છે તો ઘરનુ ધ્યાન રાખવા બાજુ વાળા અથવા સગા-સબંધીઓને આ બાબતે કહી રાખવા તેમજ  કિંમતી સોના /ચાંદીની વસ્તુ કે રોકડ રકમ ઘરમા નહી રાખવા અને આવી ચીજ વસ્તુ બેંક લોકરમા મુકવા જણાવેલ અને લોકોને શોપિંગ કરતી વખતે તેમજ બેંકમાંથી રોકડ લેવા આવવા જતા વખતે જાગૃત રહેવા તેમજ એકલા રહેતા હોય તેવા લોકોએ તે અંગેની જાણકારી પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ.

હાર્બર મરીન પોલીસ સ્ટેશનઃ-

તા.૨૮/૧૦ /૨૦૨૪ ના રોજ હાર્બર મરીન પો.સ્ટે. સુભાષનગર વિસ્તારમાં ત્રણ વાત અમારી ત્રણ વાત તમારી કાર્યક્રમ દરમ્યાન લોકો સાથે ચર્ચા કરી વાર્તાલાપ કરી કોઇ પ્રશ્નો હોય તો પુછેલ અને હાજર તમામને સાયબર ફ્રોડ, ડ્રગ દુષણ તથા વ્યાજ ચોરી જેવા દુષણો વિશે સમજ કરેલ તેમજ ફીશરમેનો/માછીમારોને વોચગૃપના સભ્યો તથા હાજર માછીમારોને દરીયાકાંઠે તથા દરીયામાં કોઇ શંકાસ્પદ જણાય આવે તો પોલીસનો તેમજ નં.૧૦૦ તથા ઇમરજન્સીને ૧૦૯૩ ઉપર જાણ કરવા સમજ કરેલ છે તેમજ શાંતિ સમિતિના હાજર આગેવાનોને આગામી દિવાળીના તહેવાર નિમિતે તે વિસ્તારમાં શાંતિ જળવાઇ રહે અને કોઇને તકલીફ ન પડે તે રીતે ફટાકડા ફોડી શાંતિ પુર્ણ માહોલમાં તમામ લોકો તહેવાર ઉજવે તે રીતે સમજ કરેલ છે.

મહીલા પોલીસ સ્ટેશનઃ-

(૧) તા.૩૦/૧૦/૨૦૨૪ ના રોજ પી.એસ.આઈ. કે.એમ.સૈયદ તથા પોલીસ કોન્સ. કોડીયાતર લતાબેન બંગળી બજારમાં જઈને સી ટીમની કામગીરી કરેલ મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ (૧૯૩૦), પોકસો જેવા બનાવોમા પોલીસ તથા ૧૮૧ કઈ રીતે મદદરૂપ થાય તેના વિશે માહિતી આપેલી. નિરાધાર મહિલાઓની મદદ માટે  નંબર ૧૦૦ તથા ૧૮૧ મા ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે વિશે પણ જરૂરી માર્ગદર્શન આપેલ. સખીવન સ્ટોપ સેન્ટર વિશે માહિતી આપેલ. જેમા મહિલાઓને ઘરેથી કાઢી મુકેલા હોય કે નિ:સહાય હોય તેને આશ્રય તથા જરૂરી મદદ આપવામાં આવે છે. જરૂર જણાય મહિલા પોલીસ સ્ટેશન આવી શકો છો પોલીસ પ્રજાનો મિત્ર છે. બિનસંકોચ મદદ માંગી શકો છો તેને વિશે માર્ગદર્શન આપેલ અને મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ  કે.એમ.સૈયદ તથા પો.કોન્સ. કોડીયાતર  લતાબેન બંગળી બજારમાં જઈને સી ટીમની કામગીરી કરેલ. મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ(૧૯૩૦), પોકસો જેવા બનાવોમા પોલીસ તથા ૧૮૧ કઈ રીતે મદદરૂપ થાય તેના વિશે માહિતી આપેલી અને નિરાધાર મહિલાઓની મદદ માટે  નંબર ૧૦૦ તથા ૧૮૧ માં ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે વિશે પણ જરૂરી માર્ગદર્શન આપેલ. સખી વન સ્ટોપ સેન્ટર વિશેની માહિતી આપેલી. જેમા મહિલાઓને ઘરેથી કાઢી મુકેલા હોય કે નિ:સહાય હોય તેને આશ્રય તથા જરૂરી મદદ આપવામા આવે છે. જરૂર જણાયે મહિલા પોલીસ સ્ટેશન આવી શકો છો પોલીસ પ્રજાનો મિત્ર છે. બિન સંકોચ મદદ માંગી શકો છો તેને વિશે માર્ગદર્શન આપેલ.

(૨) તા.૩૧/૧૦/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ કે.એમ.સૈયદ ભાવસિંહજી હોસ્પીટલમાં જઈને સી ટીમની કામગીરી કરેલ મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ (૧૯૩૦), પોકસો જેવા બનાવોમા પોલીસ તથા ૧૮૧ કઈ રીતે મદદરૂપ થાય તેના વિશે માહિતી આપેલી. નિરાધાર મહિલાઓની મદદ માટે નંબર ૧૦૦ તથા ૧૮૧ માં ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે વિશે જરૂરી માર્ગદર્શન આપેલ.

(૩) તા.૩૧/૧૦/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. શ્રી કે.એમ.સૈયદ તથા પો.હેડ.કોન્સ. મીનાબેન મોકરીયા બંગળી બજારમાં સી ટીમની કામગીરી કરેલ મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ (૧૯૩૦), પોકસો જેવા બનાવોમા પોલીસ તથા ૧૮૧ કઈ રીતે મદદરૂપ થાય તેના વિશે માહિતી આપેલી. નિરાધાર મહિલાઓની મદદ માટે નંબર ૧૦૦ તથા ૧૮૧ માં ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે વિશે જરૂરી માર્ગદર્શન આપેલ. હાલ ચાલી રહેલા દિવાળીના તહેવારોમા શોપિંગ માટે નીકળો ત્યારે તમારા પર્સ, મોબાઈલ તથા સોનાના દાગીનાનુ ધ્યાન રાખવા માટે મહિલાઓને સમજાવેલને દિવાળીની શુભેચ્છાઓ પાઠવેલ.

(૪) તા.૦૧/૧૧/૨૦૨૪ ના રોજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.એમ.સૈયદ તથા પો.હેડ.કોન્સ. મીનાબેન મોકરીયા બંગળીએ બજારમાં સી ટીમની કામગીરી કરેલ મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ (૧૯૩૦), પોકસો જેવા બનાવોમા કઈ રીતે પોલીસ તથા ૧૮૧ મદદરૂપ થાય તેના વિશે માહિતી આપેલી. નિરાધાર મહિલાઓની મદદ માટે નંબર ૧૦૦ તથા ૧૮૧ મા ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય. તે વિશે જરૂરી માર્ગદર્શન આપેલ. હાલ ચાલી રહેલા બેસતા વર્ષના તહેવારોમાં શોપિંગ માટે નીકળો ત્યારે તમારા પર્સ, મોબાઈલ તથા સોનાના દાગીનાનુ ધ્યાન રાખવા માટે મહિલાઓને સમજાવેલને દિવાળીની શુભેચ્છાઓ પાઠવેલ.

જે આપશ્રી ને વિદિત થાય.

( વી.બી.દલવાડી )
ઇ.ચા.ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર